# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૫-૦૪-૨૦૨૪ ગુરુવાર                    સમય : સાંજે 06:25 કલાકે**

---

## વયોવૃદ્ધ, દિવ્યાંગ-મતદાન પ્રક્રિયા શરુ:

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત  ચૂંટણી પંચના દિશાનિર્દેશ મુજબ વહીવટી તંત્ર દ્વારા  જીલ્લામાં આજે વયોવૃદ્ધ અને શારીરિક દિવ્યાંગ નાગરિકો માટે મતદાન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મતદાન પ્રક્રિયા અન્યવે રાપર  અને ભચાઉ વિધાનસભા મતદાર મંડળ માં આવતા વરિષ્ઠ નાગરીકો અને 40 ટકાથી વધુ વીકલાંગતા ધરવાતા  મતદારો માટે તેમના ઘરે ઘરે જઈ  મતદાન પ્રક્રિયા શરૂ કરાઇ છે.   ઉલ્લેખનીય છે કે,  કચ્છમાં વિકલાંગ અને વરિષ્ઠ મતદારો મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા      વિવિધ  પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

- (પરેશ મારુ)

---

## ઉનાળુ વેકેશન-સ્થગિત:

રાજયમાં 6 મેથી ૯મી જૂન કુલ  35 દિવસ સુધી ઉનાળાના વેકેશન માટે રજાઓ જાહેર કરવામાં આવી હતી. પરંતુ લોકસભાની ચૂંટણીના કારણે ઉનાળાનું વેકેશન સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણ વીભાગ અને ગાંધીનગરની વડી કચેરી દ્વારા આગામી દિવસોમાં વેકેશનની નવી તારીખો જાહેર કરવામાં આવશે તેવું જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી બી.એમ. વાઘેલાએ જણાવ્યું હતું. (બાઇટ : બી.એમ. વાઘેલા)

- (પરેશ મારુ)

---

## ચૂંટણી- જીલ્લા કલેકટર દ્વારા રીવ્યુ બેઠક:

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયા સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે તે માટે કચ્છની ૩૧ જેટલી સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. જેના પગલે અત્યાર સુધી થયેલી અસરકારક મતદાર જાગૃતિ કામગીરી તથા આવનારા સમયમાં કરવાપાત્ર કામગીરીના

સંદર્ભમાં આજરોજ કલેકટર કચેરી ભુજ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કચ્છ કલેક્ટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને રીવ્યુ બેઠક યોજાઇ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કચ્છ કલેક્ટર અમિત અરોરાએ જિલ્લામાં આવેલા અગત્યના ઔદ્યૌગિક એકમોની સાથે સંકળાયેલા કામદારો અને શ્રમિકો મતદાનના દિવસે તેમને મળવાપાત્ર પેઇડ રજાનો ઉપયોગ કરીને મતદાન કરવા અચૂક મતદાન મથક સુધી પહોંચે તે અંગે જાગૃતિ સાથે જરૂરી તમામ વ્યવસ્થા ઉભી કરવા ખાસ સૂચન કર્યું હતું.

શ્રમિક વર્ગને મતદાન કરવા માટે પ્રોત્સાહન મળે તે માટે એકમોને ખાસ અવસર ડિસ્કાઉન્ટ પ્લાન ઘડવા , ઇન્સેન્ટીવ કે અન્ય ખાસ પ્રોત્સાહક યોજના બનાવવા જણાવાયું હતું. ખાસ કરીને લેબર કોલોનીમાં મતદાન જાગૃતિની પ્રવૃતિ કરવા કલેકટરશ્રીએ ખાસ સૂચના આપી હતી. બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ ૨૮ એપ્રિલ પોતાના બૂથને ઓળખો કાર્યક્રમમાં તમામને સહભાગી થવા અપીલ કરી હતી.

- (માહિતી ખાતુ-ભુજ)

---

## અખાત્રીજ-બાળલગ્નો:

અખાત્રીજના દિવસે મોટા પ્રમાણમાં લગ્નોનું આયોજન થતું હોય છે તથા સમૂહલગ્નો પણ યોજાતા હોય છે ત્યારે કચ્છમાં કોઇપણ સ્થળે બાળલગ્નો ન થાય તે માટે તંત્ર તૈયાર છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-2006 મુજબ 21 વર્ષથી નીચેનો યુવક અને 18 વર્ષથી નીચેની યુવતીનાં લગ્ન કરવાં , કરાવવાં કે આવાં લગ્ન કરવામાં મદદગારી કરવી એ ફોજદારી ગુનો બને છે. જો કોઈ બાળલગ્નો થતાં હોય , તો તેની જાણ નજીકનાં પોલીસ સ્ટેશને અથવા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી , ભુજ-કચ્છ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી , બહુમાળી ભવન, ભુજ ને તેમજ `અભયમ' મહિલા હેલ્પ લાઇન 181 , ચાઈલ્ડ લાઈન 1098 અને 100 નંબર પર જાણ કરવા અનુરોધ કરાયો હતો.

- (પરેશ મારુ)

---

## બીએસએફ-મધમાખી ઉછેર:

59 બટાલિયન બી.એસ.એફ. ભુજ ખાતે રાષ્ટ્રીય મધમાખી ઉછેર અને મધ મિશનના નેજા હેઠળ વૈજ્ઞાનિક મધમાખી ઉછેરની બે દિવસીય તાલીમ યોજાઈ હતી. મધમાખી ઉછેરના વ્યાપક જ્ઞાન સાથે અન્ય કર્મચારીઓને નિષ્ણાતો પાસેથી તાલીમ પ્રાપ્ત થઇ હતી.

- (પરેશ મારુ)

---